પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજકીય સન્માન સાથે અહીં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ દર્શન માટે રાજકોટના રસ્તાઓ પર ભીડ એકઠી થઈ

● રાજકોટ, તા.૧૬

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજકીય સન્માન સાથે અહીં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. તેમનો પાર્થિવદેહ પંચમહાનભૂતમાં વિલિન થયો છે. વિજય રૂપાણી ૧૨ જૂનના રોજ દીકરીને મળવા માટે લંડન જઈ રહ્યા હતા. તેઓ એર ઈન્ડિયા પ્લેનમાં જઈ રહ્યા હતા તે જ પ્લેન ક્રેશ થતા તેમનું મૃત્યુ થયું હતું. સ્વ. રૂપાણીના પાર્થિવદેહના રવિવારે ડીએનએ સેમ્પલ મેચ થયા હોવાની પુષ્ટી સિવિલ હોસ્પિટલ સત્તાધીશોએ કરી છે. આજે સવારે રૂપાણીના ધર્મપત્ની અંજલિબેન તથા પુત્ર ઋષભ અને પુત્રી સહિતના પરિવારજનોએ અમદાવાદ સિવિલ હોસ્પિટલથી વિજય રૂપાણીનો પાર્થિવદેહનો સ્વીકાર કર્યો હતો રાજ્ય સરકારે સોમવારે એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો હતો.રાજ્ય સરકારે પૂર્વ મુખ્યમંત્રીની અંતિમ વિદાયને ગૌરવમય બનાવી અદકેરું સન્માન આપ્યું હતું. આજ રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને રાજ્ય સરકારી માનદંડ અનુસાર ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો.પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમનાં ધર્મપત્ની અને પુત્ર સહિતના પરિવારજનોને સંપૂર્ણ સન્માન સાથે સોંપવામાં આવ્યો. સમગ્ર પ્રક્રિયા રાજ્યના પ્રોટોકોલ અનુસાર અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી.

રૂપાણીનો પાર્થિવદેહ અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચ્યો હતો તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીમંડળના સભ્યો, ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના વરિષ્ઠ નેતાઓ પણ હાજર હતાં . વિજય રૂપાણીના પાર્થિવ દેહને વિમાન મારફતે રાજકોટ લઈ જવામાં આવ્યો હતો રાજકોટ એરપોર્ટથી સ્વ.રૂપાણીના પાર્થિવદેહને ગ્રીન લેન્ડ ચોકડી ખાતેથી પ્રકાશ સોસાયટી સુધી વિવિધ માર્ગો પર અંતિમ દર્શન માટે વિશેષ રૂપથી તૈયાર કરાયેલા વાહનમાં ગોઠવીને અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી રસ્તાની બાજુ રાજકોટવાસીઆએ ઉભા રહીને રૂપાણીને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી તેમના પાર્થિવદેહ પર ફુલોનો વરસાદ કર્યો હતો કેટલાક લોકો દીપ પ્રગટાવીને પણ ઉભા હતાં રૂપાણીનો પાર્થિવદેહ પ્રકાશ સોસાયટી ખાતે અંતિમ દર્શન માટે રખાયો હતો વિજયભાઈના નિવાસ્થાને મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતાં. કોર્પોરેટરથી લઈ મંત્રીમંડળ તેમજ ટોચના નેતાઓ તેમના ઘરે પહોંચ્યા હતાં અને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી તો સંતો મહંતોની પણ હાજરી જોવા મળી હતી મંત્રી ભાનુબેન બાબરીયા પણ પહોંચ્યા હતાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનને પગલે આજે રાજ્ય સરકાર દ્વારા રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો હતો ત્યારે શ્રી ખોડલધામ મંદિરે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો. વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર તમામ દિવંગતોના આત્માની શાંતિ માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ પ્રાર્થના કરી હતી વિજય રૂપાણીના નિધનથી રાજકોટ શોકમાં ડૂબ્યું છે. હંમેશા લોકોની મદદ માટે તૈયાર રહેતા પૂર્વ મુખ્યમંત્રીને રાજકોટ સહિત આખું ગુજરાત ભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. મહત્વનું છે કે, સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે જાણીતા વિજય રૂપાણીએ પાંચ વર્ષ સુધી ગુજરાતની ધુરા સંભાળી હતી રૂપાણીની અંતિમયાત્રાનો રૂટ ગ્રીન લેન્ડ ચોકથી કુવાડવા રોડ ડી-માર્ટ ચોક, રણછોડદાસ આશ્રમ, ડિલક્ષ ચોક, પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ બેડીનાકા જતા, હોસ્પિટલ ચોક ઓવરબ્રિજ ઉપર, અરવિંદભાઈ મણિયાર હોલ, ચૌધરી હાઈસ્કુલ ચોક, ધરમ સિનેમા (આર. વર્લ્ડ), બહુમાળી ભવન ચોક, જીલ્લા પંચાયત ચોક, કિશનપરા ચોક, આમ્રપાલી અંડરબ્રિજ રેસકોર્ષ, રૈયારોડ, આઝાદ ચોક, નરેન્દ્રપારેખ માર્ગ, હનુમાનમઢી ચોક, નિર્મળા રોડ, નાગનાથ મહાદેવ મંદિરથી પ્રકાશ સોસાયટી લાવવામાં આવ્યો હતો સ્વ. વિજય રૂપાણીએ પોતાના સ્વર્ગસ્થ પુત્ર પૂજિત રૂપાણી યાદમાં ટ્રસ્ટ બનાવ્યું હતું. આ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ અને આરોગ્ય તકો પૂરી પાડવામાં આવે છે.જ્યારે વિજય રૂપાણીનો મૃતદેહ રાજકોટ પહોંચ્યો ત્યારે આ બાળકો "મિસ યુ સર" લખેલ બેનર સાથે સ્વ. વિજય રૂપાણીના પાર્થિવ દેહને શ્રધ્ધાંસુન અર્પિણ કર્યા હતાં વિજય રૂપાણીનું પાર્થિવદેહ પાર્થિવદેહ ઘરે પહોંચતા જ વિજયભાઈ અમર રહો, જબ તક સૂરજ ચાંદ રહેગા વિજયભાઈ તુમ્હારા નામ રહેગા, ભારત માતા કી જયના નારા ગુજ્યાં હતા રૂપાણીના નિવાસસ્થાને જૈન સમુદાય દ્વારા કરવામાં મરણોત્તરવિધિ કરવામાં આવી હતી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર.પાટીલ,પરષોત્તમ રૂપાલા સહિતના નેતાઓ રાજકોટ ખાતે પહોંચ્યા હતાં ત્યારબાદ નિવાસસ્થાનેથી ફરીથી અંતિમ યાત્રા નિકળી હતી અને યાત્રા રામનાથ અંતિમધામ પહોંચશે અહીં રૂપાણીના પાર્થિવદેહને અગ્નિદાહ આપવામાં આવશે વિજયભાઈ રૂપાણીનો પુત્ર વિજયભાઈ રૂપાણીના પાર્થિવદેહને અગ્નિદાહ આપશે આ ઉપરાંત સ્વ. વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવવા પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૭ જૂન, મંગળવારે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ, ૧૯ જૂન, ગુરુવારે ગાંધીનગરમાં અને ૨૦ જૂન, શુક્રવારે ગુજરાત ભાજપ મુખ્યાલય, કમલમ્ ખાતે પ્રાર્થના સભા યોજાશે. વિજયભાઈએ વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે રાજકીય કારકિર્દી શરુ કરી હતી. વિજયભાઈનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ બર્માની રાજધાની રંગૂનમાં થયો હતો. ૧૯૬૦માં તેમના પિતા રાજકોટમાં આવ્યા હતા. વિજયભાઈ રુપાણી વિદ્યાર્થી જીવનમાં એબીવીપીમાં જોડાયા હતા.વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે તેમણે રાજકીય કારકિર્દીની શરુઆત કરી હતી. વિજયભાઈ ૧૯૭૧માં જનસંઘમાં જોડાયા હતા અને શરુઆતથી જ ભાજપમાં રહ્યા હતા. તેમણે ક્યારેય પોતાની વિચારધારા બદલી નહીં. વિજયભાઈ ધારાસભ્ય બન્યા, મંત્રી બન્યા, રાજ્યસભા સાંસદ રહ્યા અને બાદમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પણ કાર્યભાર સંભાળ્યો. ૨૦૦૬થી ૨૦૧૨ સુધી તેઓ રાજ્યસભાના સાંસદ રહ્યા હતા. વિજય રૂપાણીએ ઓગસ્ટ ૨૦૧૬ થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી ગુજરાતના ૧૬મા મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. ભારતીય રાજકારણમાં તેમની પોતાની અલગ ઓળખ રહી છે.

ભાવનગરમાં મેઘરાજાએ દે ધનાધન શરૂ કર્યું

પાલિતાણામાં છ ઇંચ જેટલો વરસાદ મહુવામાં પણ ૫.૮૩ ઇંચ વરસાદ પડ્યો

● ભાવનગર, તા.૧૬

ગુજરાતમાં ચોમાસા પહેલાં જ વરસાદે ધડબડાટી બોલાવી છે. આજે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદે માજા મૂકી છે. આજે સવારના ૬ કલાકે ૭૦ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં ભાવનગરમાં સૌથી વધુ વરસાદ ખાબક્યો છે. ત્યારે હજી આજે અને આવતીકાલે ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં એટલે કે, છ કલાકમાં ગુજરાતના ૭૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ભાવનગરના જેસરમાં સૌથી વધુ ૭ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અહીં માત્ર ૧૦ થી ૧૨ વાગ્યા સુધી એટલે કે બે કલાકમાં જ ચાર કલાકથી વધારે વરસાદ નોંધાયો છે. ભાવનગરમાં આજે સવારથી મેઘરાજાએ દે ધનાધન શરૂ કર્યું હતું. અહીં જેસર ઉપરાંત, પાલિતાણામાં ૫.૯૪ ઈંચ એટલે કે છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાવનગરના મહુવામાં પણ ૫.૮૩ ઈંચ વરસાદ પડ્યો છે. ભાવનગરના તળાજા અને શિહોરમાં પણ આજે સવારથી વરસાદ વરસી રહ્યો છે. અહીં તળાજામાં ત્રણ ઈંચ અને શિહોરમાં ૧.૮૧ ઈંચ વરસાદ નોંધાયો છે. ખાંભા, ગારિયાધાર, હાંસોટ, સુત્રાપાડા, ઉના, ઉમરગામ, રાજુલામાં પણ આજે સવારે વરસાદ વરસ્યો છે. અહીં ચાર કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૧૧ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે ૪૦ થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. વેધર મેપ પ્રમાણે, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, રાજકોટ, ગીર સોમનાથમાં વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, દાદરા નગર હવેલીમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.ભાવનગર જિલ્લાના પાલિતાણામાં વહેલી સવારથી પડી રહેલા ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે. પાણી ભરાતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. પહેલા જ વરસાદમાં નગરપાલિકાની પ્રિ-મોન્સૂનની પોલ ખુલ્લી ગઈ છે. પાલિતાણાના દુધાળા, ઘેટી, નાની માળ, આદપુર સહિત ગામડાઓમાં વાવણી લાયક વરસાદ થયો છે.ભાવનગર જિલ્લાના મહુવામાં વહેલી સવારથી પડી રહેલા ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાં. મહુવા શહેર સહિત તરેડ ગામના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પહેલા જ વરસાદમાં નગરપાલિકાની પ્રિ-મોન્સૂનની પોલ ખુલ્લી છે.શિહોરના વરલ, બુઢણા ગામે સુપડા ધારે વરસાદ વરસ્યો છે. બુઢણા, બાલવાડી કોઝ-વે નવા બનેલા રોડ પરના રેલિંગના પતરાં પહેલા વરસાદમાં જ તણાતાં પાલિતાણા-ટાણા રોડ બંધ કરવાની ફરજ પડી છે. શિહોર તાલુકાના વરલ ગામની નદી ખોડાપુર વરલથી ભાખર જવાનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે.ભાવનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદ બાદ બે જગ્યાએ વીજળી પડવાના બનાવ બન્યા હતા. શહેરના જવાહર મેદાન અને ઘોઘા તાલુકાના કરેડા ગામે વીજળી પડતાં પાંચ લોકોને ઈજા પહોંચી હતી. કરેડા ગામમાં હીરાના કારખાનામાં વીજળી પડવાથી મહિલાને ઈજા પહોંચી છે. જ્યારે શહેરના જવાહર મેદાનમાં વીજળી પડતાં ૫ વ્યક્તિઓને ઈજા પહોંચી છે. હાલ શહેરની સિવિલ હોસ્પિટલમાં કરેડા ગામની મહિલા અને જવાહર મેદાનના બે વ્યક્તિઓ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. અન્ય ત્રણ વ્યક્તિઓને સારવાર આપી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જોકે વીજળી પડવાના બનાવને લઈ હજુ સુધી તંત્ર તરફથી સત્તાવાર કોઈ માહિતી આપવામાં નથી આવી.ભાવનગરના શિહોર તાલુકાના ટાણા ગામમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. શિહોર તાલુકાના વરલ ગામની નદીમાં પાણીનો ધસમસતો પ્રવાહ વહેતો થયો છે. ખોડાપુર વરલથી ભાખર જવાનો રસ્તો બંધ થયો છે. ધોધમાર વરસાદ થતાં ગામોમાં વૃક્ષ પડી ગયાં છે. વીજળીના કડાકા ભડાકા સાથે ભારે પવન સાથે વરલ તથા આજુબાજુના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જિલ્લાના ટાણા, વરલ, ગુંદાળા, અગયાળી, બેકડી, થોરાળી, દેવગાણા, બોરડી, બુઢણા, લવરડા, વાવડી, રાજપરા, થાળા, સરકડીયા વગેરે ગામોમાં વરસાદ નોંધાયો છે.

પત્નીના અસ્થિ વિસર્જન બાદ લંડન જતા પ્લેન ક્રેશમાં થયું હતું નિધન

અમરેલીમાં અર્જુન પટોળિયાની અંતિમયાત્રા

● અમરેલી, તા.૧૬

અમદાવાદમાં બનેલી ગોઝારી પ્લેન દુર્ઘટનાએ અનેક પરિવારોની ખુશી છીનવી લીધી છે, ત્યારે અમરેલી જિલ્લાના વડિયાના વતની અર્જુનભાઈ મનુભાઈ પ ટોળિયાનો કિસ્સો હૃદયને હચમચાવી દેનારો છે. ગત ૨૬ મે ૨૦૨૫એ લંડનમાં પત્ની ગુમાવ્યા બાદ, તેમની અંતિમ ઈચ્છા પૂરી કરવા વતન આવેલા અર્જુનભાઈનું ૧૨ જૂને અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મોત નીપજ્યું હતું. અર્જુનભાઈના અવસાનથી લંડનમાં રહેલી તેમની બે માસૂમ દીકરીઓએ માતા બાદ હવે પિતાની પણ છત્રછાયા ગુમાવી દીધી છે. જ્યારે અર્જુનભાઈના DNA મેચ થયા બાદ તેમનો મૃતદેહ વડિયા લાવવામાં આવ્યો હતો અને આજે સોમવારે (૧૬ જૂન) શરૂ વરસાદે અર્જુનભાઈની અંતિમયાત્રા નીકાળવામાં આવી હતી. અંતિમ યાત્રામાં રાજકીય આગેવાનો અને ગ્રામજનો જોડાયા હતા. પત્નીની અંતિમ ઈચ્છા પૂરી કરી પરત ફરતા હતા

મળતી માહિતી મુજબ, અમરેલીના વડિયાના રહેવાસી અર્જુનભાઈ પ ટોળિયાના પત્ની ભારતીબેનનું ૨૬ મે, ૨૦૨૫ના રોજ લંડનમાં અવસાન થયું હતું. ભારતીબેનની અંતિમ ઈચ્છા હતી કે, તેમની અસ્થિઓને ગુજરાતના અમરેલી જિલ્લા સ્થિત પૈતૃક ગામના તળાવમાં વિસર્જિત કરવામાં આવે. પત્નીની આ અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે અર્જુનભાઈ લંડનથી ભારત આવ્યા હતા. તેઓ ફૂલોથી સજાવેલ કળશમાં પત્નીની અસ્થિઓ લઈને ગામ પહોંચ્યા હતા. અહીં, ૨ જૂન, ૨૦૨૫ના રોજ બેસણું રાખવામાં આવ્યું હતું અને અર્જુનભાઈએ પરિવારજનો સાથે સંપૂર્ણ સન્માન અને શ્રદ્ધા સાથે પત્નીની અસ્થિઓનું પૈતૃક ગામના તળાવમાં વિસર્જન કરી અંતિમવિધિ સંપન્ન કરી હતી.

અર્જુનભાઈ પોતાની માતાને સુરતમાં રાખી, પત્નીની અંતિમવિધિ કરવા બાળકોને લંડનમાં મૂકીને વતન આવ્યા હતા. પત્નીની અંતિમ વિધિ પૂર્ણ કર્યા બાદ અર્જુનભાઈએ લંડન પરત ફરવાનો નિર્ણય લીધો હતો. લંડનમાં તેમની બે માસૂમ દીકરીઓ તેમની રાહ જોઈ રહી હતી. જોકે, કુદરતને કઈક અલગ જ મંજૂર હતું.

૧૨ જૂને બપોરે અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ થયેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર છેં-૧૭૧ મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં અર્જુનભાઈનું પણ કરુણ મોત થયું હતું.

વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો

સુરતમાં આકાશમાંથી વીજળી પડી, બિલ્ડિંગ સાથે ટકરાઇ

● સુરત, તા.૧૬

સુરત જિલ્લામાં આજે સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ પડતાં શહેરમાં ઠંડક પ્રસરી ગઈ છે. સરથાણા વિસ્તારમાં આકાશમાંથી વીજળી વરસતી હોવાનો એક જીવંત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં રાજહંસ ટાવર પર વીજળી પડતી નજરે પડે છે. આ દ્રશ્યો જોઈ લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

શહેરના અડાજણ, અઠવાગેટ સહિતના વિસ્તારોમાં કાળા ઘનઘોર વાદળો છવાઈ ગયા બાદ વરસાદ શરૂ થયો હતો, જેના કારણે ગરમી અને બફારાથી પીડાતા નાગરિકોને રાહત મળી છે.

વરસાદ સાથે જોડાયેલા ભારે પવનના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડો ધરાશાયી થયા છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના આંકડા મુજબ કુલ ૨૮ સ્થળોએ વૃક્ષો પડી ગયા છે. સૌથી વધુ ૧૨ વૃક્ષો અઠવા ઝોનમાં ધરાશાયી થયા છે, જ્યારે રાંદેરમાં ૭ અને લીંબાયત વિસ્તારમાં ૫ વૃક્ષો પડી હોવાના સમાચાર મળ્યા છે.

ઘોડદોડ રોડ વિસ્તારમાં વૃક્ષ પડતાં માર્ગ અવરોધિત થયો હતો અને વાહનચાલનમાં મુશ્કેલી સર્જાઈ હતી. અડાજણ વિસ્તારમાં એક વૃક્ષ કાર પર પડતાં વાહન ચાલકનો અભૂતપૂર્વ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરી છે.

સુરત મ્યુનિસિપલ તંત્ર અને ફાયર વિભાગ દ્વારા નાગરિકોને સલામત રહેવાની અપીલ કરવામાં આવી છે, તેમજ વીજળી કે ભારે પવન દરમિયાન ખુલ્લા મેદાનમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય બન્યું છે અને આવનારા દિવસોમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. તેઓએ જણાવ્યું છે કે અરબ સાગરમાં એક નવી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે, જેના પગલે આગામી પાંચ દિવસ દરમિયાન કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદ પડી શકે છે.

બનાસકાંઠામાં અરેરાટીભર્યો બનાવ બન્યો

PI નું ઘર લૂંટાયું! લૂંટારુઓએ કડા માટે માતાના પગ કાપી નાંખ્યા

● બનાસકાંઠા, તા.૧૬

બનાસકાંઠા જિલ્લાના લાખણીના જસરા ગામે ખેતરમાં સુતેલા દંપતીની ઘાતકી હત્યા કરી લૂંટ ચલાવતા હડકમ્પ મચ્યો છે. ખુદ એસએમસી પીઆઈના વૃદ્ધ માતા-પિતાને અજાણ્યા શખ્સઓએ તક્ષિણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા છે. તો વૃદ્ધ મહિલાના પગ કાપી હત્યારા પગમાં પહેરેલા કડા સહીત શરીર પર પહેરેલા દાગીના લઈ રફુચક્કર થઈ ગયા છે. જોકે ઘટનાની જાણ થતા બનાસકાંઠા એસપી એલસીબી, એસઓજી, ડોગ સ્કવૉર્ડ અને એફએસએલની ટિમો સાથે ઘટના સ્થળે પહોંચ્યા અને ઘટનાને લઈ તપાસ હાથ ધરી તો પોલીસની પ્રાથમિક તપાસમાં અજાણ્યા શખ્સોએ લૂંટ અને ઈરાદે હત્યા કરી હોવાનું સામે આવ્યું છે તો લૂંટ સિવાયની અન્ય દિશાને લઈને પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા છે.

આજના આ ઘોર કળિયુગમાં પૈસા, જમીન અને અદાવતને લઈને કાળા માથાનો માનવી કંઈ પણ કરી બેસતો હોય છે. પૈસા સહિતના અન્ય કારણોને લઈને માટે કાળા માથાનો માનવી કોઈની પણ હત્યા કરતા જરાય વિચાર નથી કરતો આવો જે કિસ્સો બન્યો છે બનાસકાંઠા જિલ્લામાં ખુદ સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈના માતા-પિતાની ક્રૂર હત્યા થઈ ગઈ છે. અને આ હત્યા પણ લૂંટના ઈરાદે થઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ગુજરાતની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમમાં પીઆઈ તરીકે ફરજ બજાવતા એ વી પટેલ મૂળ બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામના વતની છે.

ગઈકાલે મોડી રાત્રે પીઆઈ એ વી પટેલના પિતા વર્ધાભાઈ પટેલ અને માતા હોસીબેન પટેલ પોતાના ખેતરમાં બનાવેલા મકાનના આંગણામાં સુતા હતા. અને તે જ સમયે અજાણ્યા શખ્સો તેમના ખેતરમાં થઈ ઘર તરફ પહોંચ્યા અને ઘરના આંગણામાં સુતા વર્ધાભાઈ પટેલ અને તેમના પત્ની હોશીબેન પટેલને તિક્ષણ હથિયારના ઘા ઝીંકી બંનેની ક્રૂર હત્યા કરી દીધી. જોકે આ હત્યારાઓએ એટલી ક્રૂરતા પૂર્વક હત્યા કરી કે દંપતી માંથી પત્ની હોશીબેનના પગમાં રહેલા કડલા કાઢવા માટે તેમના પગ કાપી નાંખ્યા. તો કાનમાંથી બુટ્ટીઓ લેવા માટે કાન કાપી નાંખ્યા. તો વૃદ્ધ વરધાભાઈનું ગળું કાપી નાંખ્યું અને બંનેને મોતને ઘાટ ઉતારી દીધા. જોકે વહેલી સવારે આંગણામાં પડેલા લોહીથી લથપથ દંપતીના મૃતદેહોને જોઈ લોકોએ ઘટનાની જાણ આગથળા પોલીસને કરતા બનાસકાંઠા પોલીસ વડા સહીતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો. અને પોલીસે એસઓજી, એલસીબી, ડોગ્સ સ્કવૉર્ડ અને એફએસએલની ટીમની મદદથી તપાસ હાથ ધરી તો પોલીસની પ્રાથમિક તપાસમાં લૂંટના ઈરાદે હત્યા થઈ હોવાનું હાલ સામે આવ્યું છે.જોકે પોલીસે ઘટના સ્થળે રહેલા પુરાવા એકત્ર કરી એફએસએલની ટીમને સોંપ્યા છે તો ડોગસકોર્ડની મદદથી આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી છે. આ હત્યારાઓએ હત્યા કયા કારણોસર કરી. અને હત્યા કર્યા બાદ આ હત્યારાઓ ક્યાં ફરાર થયા તે દિશામાં પોલીસની અલગ અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ થયો છે. પરંતુ ઉલ્લેખનીય છે કે હત્યાનો ભોગ બનનાર વૃદ્ધ દંપતી એ ગુજરાતની સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈના માતા પિતા હોવાથી આ હત્યા પછળ અનેક શંકા કુશંકાઓ સેવાઈ રહી છે. જોકે અત્યારે તો આ હત્યાની ઘટના ને લઈ ગામમાં શોકનો માતમ છવાયો છે. અને લોકો તાત્કાલીક પોલીસ હત્યારાઓને ઝડપી કડકમાં કડક સજા કરે તેવી માંગ કરી રહ્યા છે.આ ઘટના વિશે ગામના આગેવાન મહેશ દવેએ જણાવ્યું કે, મને ઘટનાની જાણ થઈ એટલે મેં બનાસકાંઠા પોલીસ વડાને જાણ કરી. તો બનાસકાંઠાના એસપી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું કે, આગથળા પોલીસ મથકના જસરા ગામની સિમમાં આ હત્યાની ઘટના બની છે. પ્રાથમિક તપાસમાં લૂંટને ઈરાદે હત્યા થઈ હોવાનું દેખાયું છે. કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ આ ઘટના પર પ્રતિક્રીયા આપતા કહ્યું કે, ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પટેલના માતા-પિતાની ક્રૂર હત્યાના સમાચાર અત્યંત દુઃખદ અને આઘાતજનક છે. પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ તેમજ સદગતિ અર્પે એવી પ્રાર્થના. રાજ્યમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઈ છે. હત્યારા, ગુંડા અને લૂંટારાઓ બેફામ બન્યા છે. પોલીસ અને સરકારનો કોઈ પણ જાતનો ડર નથી રહ્યો. કોઈની પણ સલામતી રહી નથી. રાજ્યની જનતા ભગવાન ભરોસે છે. મુખ્યમંત્રી જનતાની સુરક્ષા અને સલામતી માટે સરકાર મક્કમ બનશે ખરી?

સરપંચને કેમિકલયુક્ત કચરાની માહિતી મળતાં જીપીસીબીને ફરિયાદ કરાઇ હતી

સોનીપુર અને અમરાપુરની સીમમાંથી ૭૦ મેટ્રિક ટન ગેરકાયદે કેમિકલ કચરો મળી આવ્યો

● હાલોલ, તા.૧૬

હાલોલ તાલુકાના સોનીપુર અને અમરાપુર ગામના સીમાડેથી મોટાપ્રમાણમાં કેમિકલયુક્ત જોખમી કચરાની પ્લાસ્ટિકની અનેક બેગો મળી આવી હતી. જેમાં બનાવની જાણ અમરાપુરી ગામના સરપંચ પિયુષ બારીયા દ્વારા જીપીસીબી હાલોલની કચેરીના મુખ્ય અધિકારી ડો. પ્રદીપ દવેને કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં ડો.પ્રદીપ દવે સહિત જીપીસીબીની ટીમ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. સોનીપુર ખાતે ૭૦૦થી ૮૦૦ પ્લાસ્ટિકની બેગોમાં અંદાજીતઉપથી ૪૦ મેટ્રિક ટન જેટલો કચરો મળી આવ્યો હતો. અમરાપુરી ગામે ૫૦૦ થી ૬૦૦ પ્લાસ્ટિકની બેગમાં અંદાજિત ૨૦થી ૩૦ મેટ્રિક ટન કચરો મળી આવ્યો હતો. રહેવાસીઓ પાસેથી જાણવા મળ્યું હતું કે કોક વ્યક્તિ દ્વારા આ કચરાની બેગો લાવીને અંદાજે ચાર મહિના પહેલાં અહીંયા ઠાલવવામાં આવી હતી જેમાં વારંવાર આ કચરો હટાવવાની રજૂઆત કરવા છતાં પણ તેઓએ આ કચરો દૂર કર્યો ન હતો જેમાં ગેરકાયદેસર રીતે સોનીપુર અને અમરાપુર ગામની સીમમાં પ્લાસ્ટિકની બેગમાં નાખવામાં આવેલો આ કેમિકલયુક્ત જોખમી કચરો હોવાનું સામે આવતા બનાવ અંગે જીપીસીબીઅધિકારી ડોક્ટર પ્રદીપ દવે દ્વારા આ મામલે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેમાં પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૦,૨૮૬,૨૮૭, ૧૨૫ અને પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ ૭,૮ હેઠળ અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસના ચકો ગતિમાન કર્યા છે. સમગ્ર બનાવમાં સોનીપુર અને અમરાપુરી ગામના લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

વાવાઝોડા અને ગાજવીજ સાથે મેઘરાજાની એન્ટ્રી

દાહોદમાં સામાન્ય વરસાદે જ સ્માર્ટ સિટીની પોલ ખોલી

● દાહોદ, તા.૧૬

દાહોદ શહેરમાં આકરી ગરમી અને અસહ્ય ઉકળાટ બાદ ભારે વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસેલા માત્ર ૨૨મિ.મી.ના સામાન્ય વરસાદે નગરપાલિકાની સ્માર્ટ સિટીના નામે કરવામાં આવેલી મોટી મોટી વાતોની પોલ ખોલી નાખી હતી. ભારે વાવાઝોડા અને વીજળીના કડાકા ભડાકા સાથે થયેલા વરસાદે શહેરને પાણીના સમંદરમાં ફેરવી દીધું હતું. શહેરના મુખ્ય વિસ્તારો જેવા કે, ગોદી રોડ, ભગિની સમાજ, સ્ટેશન રોડ, ગોવિંદ નગર, ગોધરા રોડ, ચાકલીયા રોડ, દર્પણ રોડ, ભીલવાડા, યાદગાર ચ